**<u>સમીના મે.એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સમી.</u>**

**<u>ફોજદારી કેસ નંબર :– ૪૫૫/૨૦૨૩</u>**

આંક :–

<u>ફરીયાદી</u> :– શ્રી સરકાર.........

–:: <u>વિરૂધ્ધ</u> ::–

<u>આરોપી</u> :– બલોલ નસ્તરખાન ઉર્ફે નસીબખાન વાઘજીખાન, ઉ.વ.૪૦, રહે.સમી, મફતપુરા, તા.સમી, જી.પાટણ.

<u>ગુનો</u> :– **<u>એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી મુજબ.</u>**

–:: **<u>ક બુ લા ત ઠ રા વ</u>** ::–

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૨૮–૬–૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૪૦ વાગ્યે મોજે સમી મુકામે ગુજરવાડા ચોકડી પોતાના કબજા ભોગવટાની બજાજ કંપનીની રીક્ષા નં.જી.જે.૦૨–વાય.વાય.–૩૪૬૮ ની ગેરકાયદેસર વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં હંકારતા પકડાઈ જઈ, આરોપીએ એમ.વી.એકટની કલમ–૧૮૫, તથા પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી મુજબનો ગુનો કરેલ હોવા બાબતેની ફરીયાદીની ફરીયાદ આધારે સમી પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૨૧૭૦૨૯૨૩૦૩૪૪/૨૦૨૩ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે આગળની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનાનું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

૨. ચાર્જશીટ રજુ થતા અને આરોપીને સમન્સ કાઢવામાં આવતા, આરોપી અદાલત રૂબરૂ હાજર રહેતા, આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે તેની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી અને આરોપી તેની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ કરવા માગતો હોય અને તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા, આરોપીને તેની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપીએ કોઈપણ જાતના દબાણ વગર સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે અને આરોપીની તેની

સામે આક્ષેપાયેલ ગુના અંગેની પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૩. હાલના કામે આરોપી સામે એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા ગુજરાત પ્રોહી. એકટની કલમ– ૬૬(૧)બી મુજબના ગુનાનો આરોપ છે અને આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતો હોય અને તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ આરોપીએ તેની ગુના કબૂલાત પુરસીસમાં જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ મંજુર છે અને ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવો ગુનો ન બને તેની તકેદારી રાખશે અને તેઓ ગરીબ અને મજુર વર્ગના માણસ હોઈ અને તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે હોઈ તેઓની ઉપર દયા અને રહેમ રાખવા વિનંતી કરેલ છે. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરતો હોઈ અને આરોપી સામે અન્ય કોઈ ગુના નોંધાયેલ હોય તેવો કોઈ પુરાવો ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય, જેથી આરોપીની આર્થિક તેમજ કૌટુંબિક સ્થિતિ અને જવાબદારીને ઘ્યાને લેતા તેમજ આરોપી સામે જે ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનાનો આક્ષેપ છે તે અંગે નામદાર ગુજરાતની વડી અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લેતા તેમજ હાલના કેસની હકીકતો અને સંજોગો ઘ્યાને લેતા હાલના કેસમાં આરોપીને ગુના કબુલાત બદલ પુરેપુરી સજા અને દંડ નહીં કરતા, ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા તેમજ ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાય રહે તેમ હોઈ, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

- આ કામના આરોપી ઠાકોર લાલજીભાઈ જગાભાઈ, ઉ.વ.૩૧, રહે. દુદખા, તા.સમી, જી.પાટણવાળાને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે તેની સામેના એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ આરોપીને એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબના ગુના માટે રૂા.૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરા દંડ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧૦(દસ) ની સાદી કેદની સજા તેમજ

આરોપીને ગુજરાત પ્રોહી. એકટની કલમ– ૬૬(૧)બી મુજબના ગુના માટે રૂા.૨૫૦/– અંકે રૂપિયા બસો પચાસ દંડ અને જો દંડની રકમ ન ભરે તો વિદન–૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

- ➢ આરોપીએ કુલ દંડ રૂા.૫૨૫૦/– અંકે રૂપિયા પાંચ હજાર બસો પચાસ પુરા ભરવો.
- ➢ આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન રીક્ષા નં.જી.જે.૦૨– વાયવાય–૩૪૬૮ અંગે અગાઉ કરવામાં આવેલ હુકમ કાયમ કરવામાં આવે છે.
- ➢ આરોપીના જામીનખત તથા જાત મુચરકો રદ ગણવા.

આ હુકમ આજ **તા. ૯ મી,** માહે **સપ્ટેમ્બર,** સને **૨૦૨૩** ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૯/૨૦૨૩
સમી.

**(વિજયકુમાર મુળજીભાઈ વણકર)**
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
સમી.
UIC No.GJ 01161